# બાયડના જીતપુરમાં મહિલા સરપંચ સસ્પેન્ડ

## મંજુરી વગર ગૌચરની જમીનમાંથી વૃક્ષોનુ છેદન કરવા બદલ દંડ ફટકારાયો – મહિલા સરપંચને સસ્પેન્ડ કરાતાં બાયડ સહિત જીતપુર ખાતે સ્થાનિક રાજકારણ ગરમાયુ હતુ

બાયડ, તા.૨૩

બાયડ તાલુકાની જીતપુર ગ્રામપંચાયતના મહિલા સરપંચે ગૌચરની જમીનમાં દેશી તેમજ ગાંડા બાવળ સહીત અન્ય ૧૫૦ જેટલા વૃક્ષોનુ તેમનાં કાર્યકાળ દરમ્યાન નિકંદન કાઢી નાખતા સરપંચ તેમજ વૃક્ષ કપનાર ૩ વેપારીઓને દંડ ફટકાર્યો હતો.મહિલા સરપંચ સસ્પેન્ડ થતાં સમગ્ર બાયડ સહીત જીતપુર પંથકમાં રાજકારણ ગરમાયુ હતુ.

સ્થાનિક પંચાયતોની ચૂંટણીમાં લોકમત પ્રાપ્ત કરી જીતતા ઉમેદવારો સત્તાના મદમાં મનસ્વી પણે નિર્ણયો લેતા હોય છે બાદમાં કાયદાઓની આંટીગુટી સપડાતા કેટલીક વાર સત્તા ગુમાવવાનો વારો આવે છે.ત્યારે આવી રીતે જ બાયડ તાલુકાના જીતપુર ખાતે ગ્રામપંચાયતના મહિલા સરપંચને મનસ્વીપણે નિર્ણય લઈ ગૌચરની જમીનમાંથી વૃક્ષો કાપી નાખવાનું ભારે પડ્યું હતુ.સરપંચ સુનિતાબેન ભરતભાઈ પટેલે તેમનાં સરપંચ પદના કાર્યકાળ દરમ્યાન કેટલાંક વેપારીઓ પાસે જીતપુર તેમજ રુઘનાથપુરગ્રામ પંચાયતની હદમાં આવેલી સર્વે નં ૩૧૦ તથા ૨૭૫ વાળી ગૌચરની જમીનમાંથી દેશી બાવળ તેમજ ઈઝરાયલી બાવળ સહીત અન્ય ૧૫૦વૃક્ષો કાપી નંખાવ્યા હતાં.આ અંગે જીતપુર ગામનાં જાગૃત નાગરિક રમણભાઈ હરગોવીંદભાઈ પટેલે સરપંચ વિરૂદ્ધ ૪ સપ્ટેમ્બર ૨૦૧૮માં અરજી કરી હતી જે અંગે તાલુકા કક્ષાએ સરપંચ વિરૂદ્ધ તપાસના આદેશો થયા હતાં.તપાસને અંતે મહિલા સરપંચના જવાબો તેમજ સ્થળ સ્થિતીના અહેવાલો જાણ્યા બાદ મહિલા સરપંચ સુનિતાબેન કોઈ પણ પ્રકારની જાહેર પ્રસિદ્ધિ વગર કે સક્ષમ અધિકારીની પરવાનગી વગર વૃક્ષો કાપી નાખવાના આરોપમાં કસુરવાર ઠર્યા હતાં.સરપંચપદના હોદ્દાનો દુરુપયોગ કરી મનસ્વી પણે નિર્ણય લેવા બદલ જીલ્લા વિકાસ અધિકારી હર્ષિત પી.ગોસાવીએ જીતપુરના મહિલા સરપંચ સુનિતાબેન પટેલને સરપંચ પદના હોદ્દા પરથી સસ્પેન્ડ કર્યા હતાં.

### જીતપુર ગ્રામપંચાયતનું સુકાન ઉપસરપંચ સંભાળશે

વેપારીઓ સાથે દોષિત ઠારેલા મહિલા સરપંચને જીલ્લા વિકાસ અધિકારી દ્વારા સસ્પેન્ડ કરાતાં.૧૫ ડિસેમ્બેરથી ગ્રામપંચાયતના સરપંચ પદની જવાબદારી ઉપસરપંચને સોંપી હતી.હવેથી જીતપુર ગ્રામપંચાયતના ઉપસરપંચ સરપંચ તરીકેનો ચાર્જ સંભાળશે.

### મહિલા સરપંચ અને વેપારીઓને દંડ ફટકાર્યો

જીતપુરના ગૌચરમાં બાયડ તાલુકાના અમિયાપુરના વેપારી (૧) ચૌહાણ વિક્રમસિંહ જાલમસિંહ (૨) દિલીપ સિંહ કોદરસિંહ (૩) ચૌહાણ ભૂપેન્દ્રસિંહે નામના લાકડાના વેપારીઓ દ્વારા ગેરકાયદેસર રીતે વૃક્ષો કાપવા બદલ અરજદારે અરજી કરી તેં અગાઉ વૃક્ષો કાપી નાખ્યાં હતાં.મજૂરી વગર કપાયેલા ઝાડની કામગીરી અટકાવી લાકડા કપનાર ઈસમો વિરૂદ્ધ સરપંચ દ્વારા કાર્યવાહી ન કરાતાં બાયડ મામલતદારે લાકડા કપનાર ત્રણ ઈસમો તેમજ સરપંચને રૂ.૪૦૦૦૦ હજારનો દંડ ફટકાર્યો હતો.



**અરવલ્લી જિલ્લા ભાજપ દ્વારા જસદણ જીતની ઉજવણી કરાઈ**

આજે જસદણ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર કુંવરજી બાવળિયાનો જંગી બહુમતિથી વિજય થતા અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે નવા ભાજપ કાર્યાલય ખાતે તેનો જશ્ન કાર્યકરો દ્વારા મનાવવામાં આવ્યો હતો. જિલ્લાના કાર્યકરોએ ફટાકડા ફોડીને આતશબાજી કરીને જીતને વધાવી તેનો ઉમંગભેર જશ્ન મનાવવા સાથે ભાજપના કાર્યકરોએ સૂત્રોચ્ચાર સાથે જીતની ઉજવણી કરી હતી. જિલ્લા ભાજપ પ્રમુખ રણવીસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ પટેલ, મોડાસા નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ, મીડિયા ઈન્ચાર્જ પી.પી. પટેલ, દિપક પટેલ સહિતના કાર્યકરોએ આ જંગી બહુમતીથી વિજય માટે જસદણના સમગ્ર કાર્યકર્તાઓ અને મતદારોનો આભાર માની અભિનંદન પાઠવ્યા હતા. મોડાસા ખાતે આ કાર્યક્રમમાં શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના આગેવાનો કાર્યકરો પણ જોડાયા હતા.



**મોડાસામાં રાજ્યકક્ષાના ખેલ મહાકુંભ હોકી સ્પર્ધા યોજાઈ**

રાજ્યકક્ષાના ખેલ મહાકુંભ-૨૦૧૮ અંતર્ગત રાજ્યકક્ષાની ઓપન હોકી (ભાઈઓ-બહેનો)ની હોકી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શુક્રવારે બહેનોની હોકી સ્પર્ધાની ફાઈનલ મેચમાં ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા સ્પોર્ટસ ઓર્થોરિટી ઓફ ગુજરાતના સેક્રેટરી ડી.ડી. કાપડિયા વિશેષ ઉપસ્થિત રહી વિજેતા ટમી વડોદરા એકેડેમી, મહેસાણા, અમરેલી, રાજકોટ શહેરના ખેલાડીઓને મેડલ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. તદઉપરાંત મેહસાણા ટીમના કોચ અને મેનેજરને ટ્રેકશૂટ ગિફ્ટ આપ્યા હતા. મોડાસામાં ખેલ મહાકુંભ-૨૦૧૮ રાજ્યકક્ષાની હોકી સ્પર્ધાની સફળતા માટે જીલ્લા રમત-ગમત અધિકારી હર્ષા ઠાકોર અને કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# પાલનપુરમાં છુટ્ટા કરાયેલા હોમગાર્ડ જવાનોને પરત લેવા કોર્ટનો આદેશ

**૬૩ હોમગાર્ડ જવાનોને નોટિસ આપ્યા વિના જ છુટ્ટા કરી દેવાતા મામલો કોર્ટમાં પહોંચ્યો હતો**

પાલનપુર, તા.૨૩

પાલનપુર હોમગાર્ડ યુનિટમાં ફરજ બજાવતાં ૬૩ હોમગાર્ડ જવાનોને તાજેતરમાં કોઈ પણ પ્રકારની નોટિસ આપ્યા વગર ફરજ મુક્ત કરી દેવામાં આવ્યા હતા. જેમણે કોર્ટના દ્વાર ખખડાવતા કોર્ટે તેમને ફરજ ઉપર પરત લેવાનો આદેશ કર્યો હતો.

પાલનપુર હોમગાર્ડ યુનિટમાં તાજેતરમાં હોમગાર્ડ જવાનોની નવી ભરતી કરવામાં આવી હતી. જેની સાથે ફરજમાં બેદરકારી દાખવવાના આક્ષેપો સાથે ૭૬ હોમગાર્ડ જવાનોને કોઈપણ પ્રકારની નોટિસ આપ્યા વગર ફરજ મુક્ત કરી દેવામાં આવ્યા હતા. જેમણે કોર્ટના દ્વાર ખખડાવતા કોર્ટે ૬૩ જવાનોને ફરજ ઉપર પરત લેવાનો આદેશ કર્યો હતો. આથી આ હોમગાર્ડ જવાનો પાલનપુર કલેકટર કચેરી ખાતે એકત્ર થયા હતા. અને કોર્ટે આપેલા હુકમની નકલ જિલ્લા કલેકટરને આપી ઘટતી કાર્યવાહી કરવા રજુઆત કરી હતી.

# પ્રાંતિજના જેસંગપુરા પાસે નર્મદાનું પાણી વેડફાઈ રહ્યું છે



પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પાસે છેલ્લાં ૧૫ દિવસથી નર્મદાની લાઈનમાંથી પાણીનો વ્યય થઈ રહ્યો છે, ત્યારે હાલ તો જવાબદારતંત્ર જાણે ઘોર નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ચંચળબા નગર અને જેસંગપુરા પાટીયા નજીક છેલ્લા ૧૫ દિવસથી નર્મદાન પાણીની લાઈનનો કોક મુકવામાં આવ્યો છે. તેમાથી પાણીનો રાત્રે તેમજ દિવસે ખોટો બગાડ થઈ રહ્યો છે અને પાણીનો રેલો છેક નેશનલ હાઈવે આઠ નીચે આવેલ ગરનાળામાં થઈને આગળ પહોચ્યો છે. ત્યારે હાલ એક બાજુ ખેડૂતો અને ગ્રામજનોને પીવાના તથા ખેતીના માટે પાણી માટે વલખાં મારે છે ત્યારે બીજી બાજુ અહીં જવાબદારતંત્ર જાણે રાત-દિવસ લાખ્ખો લિટર પાણીનો બગાડ થતો હોવા છતાં હાલ તો ઘોર નિદ્રામાં હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે. ત્યારે નર્મદાના પાણીનો થતો બગાડ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે અટકાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# પ્રાંતિજ ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલ ખાતે સ્પોર્ટસ-ડેની ઉજવણી



પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલ ખાતે સ્કૂલ દ્વારા સ્પોર્ટસ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૩૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલ ખાતે સ્કૂલ દ્વારા સ્પોર્ટસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્કુલના મેદાનમાં પી.ટી. ટીચર પ્રફુલભાઈ પટેલ દ્વારા વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લીંબુ ચમચી, સંગીત ખુરશી, લાંબી દોડ, ટુંકી દોડ સહિતની વિવિધ રમતો યોજાઇ હતી. ઉપસ્થિત મહેમાનોએ પણ લીંબુ ચમચીની સ્પર્ધામાં ભાગ લઈને બાળપણની યાદ તાજી કરી હતી. આ પ્રસંગે કરાટેના ટીચર હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા કરાટેનો ડેમો તૈયાર કરવામાં આવ્યો હતો. ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતાં ૩૭૫ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો જેમાં ૧થી૩ નંબર અને વિજય થયેલ વિદ્યાર્થીઓને આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોના હસ્તે મેડલ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા.

આ પ્રસંગે પોગલુ મહંત સુનીલદાસજી મહારાજ, નગર પાલિકા ઉપપ્રમુખ નયનભાઇ દેસાઇ, નગરપાલિકા આરોગ્ય સમીતિના ચેરમેન રાજેશભાઇ ટેકવાણી, ટ્રસ્ટી મુકેશભાઇ પટેલ, પ્રિન્સીપાલ ભાવિનીબેન શાહ, દર્શીલભાઇદેસાઇ, સ્ટાફ સહિત વિદ્યાર્થીઓ વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ડીસાના ધારાસભ્યએ રજૂ કર્યું રિપોર્ટ કાર્ડ એક વર્ષમાં જ ૧ ૨ હજારથી વધુ કામોનો દાવો

ડીસા, તા.૨૩

ભારતની વિકાસગાથાને આગળ ધપાવતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની યશગાથામાં ચાર ચાંદ લગાવવા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો હંમેશા સક્રિય રહે છે. ત્યારે ડીસાના ફાયરબ્રાન્ડ નેતા અને વર્તમાન ધારાસભ્ય શશિકાંતભાઈ પંડયાએ પણ પોતાનો ધારાસભ્ય તરીકેનો એક વર્ષની કાર્યકાળ પૂર્ણ થતા ગતરોજ તેમની એક વર્ષની કામગીરીનું રિપોર્ટકાર્ડ રજૂ કર્યું હતું. ડીસા નગરપાલિકાના સભાખંડમાં ગતરોજ યોજાયેલી પત્રકાર પરીષદમાં ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ તેમની યશસ્વી કામગીરીના લેખાજાખા અને વિકાસગાથા ડીસા તાલુકાની જનતા સમક્ષ રજુ કરી હતી.




આ પ્રસંગે શશિકાંતભાઈ પંડયાએ તમામ પત્રકારો પર પુષ્પવર્ષા કરી હતી. ગુજરાતમાં પ્રથમવાર ધારાસભ્ય શશિકાંતભાઈ પંડયાએ એક વર્ષ બાદ પોતાની કામગીરીનો હિસાબ પ્રજા સમક્ષ મુકી નવો રાહ ચીંધ્યો હતો. ડીસા તાલુકાના ૮૫ ગામોનું પ્રતિનિધિત્વ કરતા ધારાસભ્ય શશિકાંતભાઈ પંડયાએ પોતે ડીસેમ્બર ૨૦૧૭ થી ડીસેમ્બર ૨૦૧૮ સુધીના એક વર્ષ દરમિયાન ડીસા તાલુકામાં કરાવેલ વિકાસ કામોની વિગતો રજૂ કરતા જણાવ્યું હતું કે નેશનલ હાઈવે પર ઓવરબ્રિજની મંજૂરી મેળવી ડીસાના નગરજનોનું વર્ષોજુનું સ્વપ્ર સાકાર કરવા ઉપરાંત ડીસા નગરપાલિકા વિસ્તારમાં ૨૫૦૮.૦૬ રૂપિયાના વિકાસ કામો, માર્ગ અને મકાન (ગ્રામ્ય) વિભાગ હેઠળ ૧૯૭૯.૫૦ લાખના ૪૩ કામો તેમજ પાણી પુરવઠા અને જળસંપત્તી, પ્રાથમિક શિક્ષણ, વનવિભાગ, તાલુકા પંચાયત કચેરી, આરોગ્ય વિભાગ મકાન અને માર્ગ અને મકાન વિભાગના કુલ ૩૩૩૧૩.૯૮ લાખના ૧૨ હજારથી વધુ કામો મંજુર કરાયા હોવાની વિગતવાર માહિતી રજૂ કરી હતી.

# ડીસા ખાતે લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિની બેઠક સંપન્ન

ડીસા, તા.૨૩

સમગ્ર વિશ્વમાં વસતા રઘુવંશી સમાજના લોકોનું પ્રતિનિધિત્વ કરતી માતૃ સંસ્થા લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિની બેઠક ગતરોજ ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થઈ હતી. આ બેઠક પૂર્વે શનિવારે રાત્રે રઘુવંશી સમાજના વિવિધ ક્ષેત્રમાં પોતાના સેવાકીય કાર્યોથી સિધ્ધી મેળવી સમાજની ગરિમા વધારનાર અગ્રણીઓનું એવોર્ડ આપી સન્માન કરાયું હતું. ખાનગી હોટલમાં યોજાયેલા આ સમારોહમાં વિશાળ સંખ્યામાં લોહાણા સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. દરમ્યાન, ગતરોજ રવિવારે લોહાણા મહાપરીષદની કારોબારી સમિતિની બેઠક યોજાઈ હતી.જેમાં રઘુવંશી દેશી લોહાણા મહાજન, થરપારકર લોહાણા મહાજન, કચ્છ વાગડ લોહાણા મહાજન, મારવાડી લોહાણા સમાજે જોડાઈ સંયુક્ત રીતે માતૃ સંસ્થા લોહાણા મહાપરિષદના નેજા હેઠળ સમાજમાં શિક્ષણ, આરોગ્ય તથા જાહેર જીવનને સ્પર્શતા વિષયો સાથે સેવાકીય અને રચનાત્મક પ્રવૃતિઓ વિષે ચર્ચા વિચારણા કરાઈ હતી.

**પાલનપુરમાં લવ જેહાદનો કિસ્સો**

# સિંચાઈ કચેરીમાં ફરજ બજાવતી યુવતીને વિધર્મી સહકર્મી ભગાડી જતા ચકચાર

**પરણિત શખ્સે યુવતીનું ધર્મ પરિવર્તન કરાવી નિકાહનામામાં સહી કરાવી હોવાની રાવ : યુવતીના પરિવારે પોલીસ અને હિંદુ સંગઠન સમક્ષ રજૂઆત કરતા મામલો સામે આવ્યો**

પાલનપુર શહેરમાં લવ જેહાદનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પાલનપુર ની જોરાવર પેલેસમાં આવેલી સિંચાઇ કચેરીમાં ફરજ બજાવતી યુવતીને સાથે ફરજ બજાવતો વિધર્મી શખ્સ ભગાડી ગયો હોવાના આક્ષેપો સાથે પરિવાર જનોએ હિન્દુ સંગઠનોને રજુઆત કરી હતી. જેના પગલે હિન્દુ સંગઠન દ્વારા પોલીસને લેખીત રજુઆત કરી શહેરની શાંતિ ડહોળાય તેવી પ્રવૃતિઓ ઉપર તંત્ર દ્વારા અંકુશ મુકવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. તેમજ આ મુદ્દે જલદ કાર્યક્રમો આપવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

પાલનપુર શહેરમાં રહેતા એક હિન્દુ પરીવારની દીકરી સિંચાઇ કચેરીમાં ફરજ બજાવે છે.જેને કચેરીમાં જ સાથે ફરજ બજાવતો અને પરણિત એક વિધર્મિ શખ્સ ભગાડી જતા પરિવાર ચિંતામાં મુકાઇ ગયો હતો. જેથી આ અંગેની જાણ



પરીવારે હિન્દુ સંગઠનને કરતા હિન્દુ સંગઠન યુવતીના પરીવાર સાથે પાલનપુર જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે દોડી આવ્યો હતો.યુવતીને પરત લાવવા પોલીસને રજુઆત કરી હતી.આ અંગે હિન્દુ સંગઠનના દિપક પટેલ નામના અગ્રણીઓએ જણાવ્યુ હતુ કે, વિધર્મિ યુવકો દ્વારા હિન્દુ યુવતીઓને ફસાવી તેનો છ માસ અગાઉ ધર્મ પરીવર્તન કરાવી નિકાહ નામા ઉપર સહી કરાવવામાં આવી છે.તો આ પ્રકારની પ્રવૃત્તિ કરતા વ્યક્તિઓ સામે કડક પગલા લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે નહી તો આગામી દિવસોમાં હિન્દુ સંગઠન દ્વારા ઉગ્ર કાર્યક્રમો આપવામાં આવશે.

### વિધર્મી શખ્સ પરણિત અને સંતાનનો પિતા

આ અંગે યુવતીના પરિવારજનોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, અમારી દીકરીને ફોસલાવીને લઈ જનારા વિધર્મી શખ્સે તેણીનો ધર્મ પરિવર્તન કરી નિકાહનામા ઉપર સહી પણ કરાવી દીધી છે. આ શખ્સ પરણિત છે. જેની પત્નિ અને એક દીકરી હયાત છે. જેના વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા માટે પોલીસ મથકે પણ જાણ કરી છે.

# મોડાસામાં ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા ઉગ્ર માંગ

મોડાસા, તા. ૨૩




અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ચાર રસ્તાથી મખદૂમ ચોકડી સુધી અને ચાર રસ્તાથી ડીપ વિસ્તારમાં જેવા મુખ્યમાર્ગો પર ગેરકાયદેસર ખડકાતા લારી-પથારાવાળાથી અને રોડ પર આડેધડ ખડકી દેવતા બાઈક અને કાર, રીક્ષાઓથી ધોરીમાર્ગ પણ અદ્રશ્ય બની જાય એટલી હદે દબાણ કરાતા રાહદારીઓ માટે ચાલવું ક્યાં તે યક્ષ પ્રશ્ન બની રહે છે. છાસવારે ટ્રાફિક જામના દ્રશ્યોમાં વાહનચાલકો અટવાતા જાગૃત નાગરિકોની વારંવાર ફરિયાદના પગલે મોડાસા ટાઉન પોલીસ તંત્ર અને ટ્રાફિક વિભાગ ટ્રાફિક સર્જનાર પરિબળો સામે કાર્યવાહી હાથ ધરાતા લારી-પથારાવાળા રોડ પરથી ગાયબ થઈ ગયા હતા અને રોડ પર દુકાન બહાર ધંધાર્થીઓએ માલસામાન અને નો પાર્કિંગ ઝોનમાં ખડકેલા વાહનો સામે લાલ આંખ કરતાં વાહનચાલકોએ વાહનો હટાવી લેતા રોડનું અસ્તિત્વ દેખાયું હતું. પરંતુ ટ્રાફિક કામગીરીની થોડા કલાકો બાદ લારી-પથારાવાળા રોડ પર પરત અડિંગો જમાવતા સ્થિતિ યથાવત જોવા મળી હતી.

મોડાસા ટાઉન પોલીસ, ટ્રાફિક પોલીસ અને નગરપાલિકા તંત્ર દ્વારા મોડાસામાં ટ્રાફિક દૂર કરવા ભારે ઉદાસીનતા જોવા મળે છે "બાર વર્ષે બાવો બોલે" તેમ ફક્ત દેખાવ પૂરતી અને રોફ જમાવતી કામગીરી મહિનાના એકાદ બે દિવસ કર્યા બાદ ઠંડા પાણીમાં બેસી જતા મોડાસા શહેરમાં ટ્રાફિક સમસ્યા શહેરીજનો અને રાહદારીઓ માટે માથાના દુખાવા સમાન બની છે.

શનિવારે મોડાસા ટાઉન પોલીસે લારી-પથારાવાળા અને રોડ પર આડેધડ પાર્કિંગ કરી ખરીદી કે પછી કામગીરી માટે જતા રહેલા વાહન ચાલકો સામે ટ્રાફિક અમલવારીનો ડંડો ઉગમતા લારી-પથારાવાળા અને વાહનચાલકોમાં ભારે નાસભાગ મચતાં ભારે અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસતંત્રની ટ્રાફિક હટાવો કાર્યવાહીના કલાકો બાદ ફરીથી રોડ પર જૈસે થઈ જેવી સ્થિતિ જોવા મળતા શહેરીજનોએ ટ્રાફિક સર્જનાર પરિબળો સામે દરરોજ શખ્ત કાર્યવાહી કરવાની સાથે દંડનીય કાર્યવાહી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.